શ્રી ગણેશાય નમઃ

પ્રેમાનંદ હરીભજન

ભાગ ૧ લો.



લેખક અને પ્રકાશક.

પરમહંસ સ્વામી પ્રેમાનંદજી.

ઠે૦ હડિયા પોળ, માદલા ઢંપની-અમદાવાદ.

પ્રથમાવૃત્તિ પ્રત ૨૦૦૦] કીં. ૦-૪-૦ [સંવત ૧૯૮૫

શ્રી ગણેસાય નમ:

પ્રેમાનંદ હરી ભજન.

ભાગ ૧ લો.

૧ ન જાણ્યું જાનકી નાથે સવારે. એ રાગ.

પ્રથમ તમને કરી સેવા, સમરીએ ગણપતી દેવા. એ ટેક.
તમે છો શીવ ઉમાના બાળ, ગજાનંદ જગતના છો પાળ.
કરો છો ભક્તની સંભાળ, દયાળા છો તમે એવા. પ્રથમ.
મનોહર છે તમારૂ રૂપ, તમે છો સઉ દેવોના ભુપ.
અખંડાનંદ છો અનુપ, કહે છે વેદ પણ તેવા. પ્રથમ.
તમારે રિદ્ધી સીદ્ધિ નાર. કરે છે ચમર વારંવાર.
તમે સુંદર સજ્યા શણગાર. જમોછો મોદને મેવા. પ્રથમ.
વિઘન સઉ ટાળ જો સ્વામી. તમે સહુના અંતયામી,
પ્રેમાનંદ મસ્તક નામી, કહે છે ધ્યાનમાં લેવા. પ્રથમ.

૨ એજ ગઝલ રાગે

જય જય સરસ્વતી માતા, તમે છો વિદ્યા ધન દાતા. ટે૦
તમારો દેહ ચંદ્ર જેવો. શ્વેતાંબર પેર્યો છે તેવો.
તમે શણગાર સજ્યો એવો. વખાણે વેદના જ્ઞાતા. જય
વિણા એ સારી છાજે છે. ધ્વની સામ વેદ ગાજે છે.
વાહન તે મોર બીરાજે છે, તમારે સરસ્વતી માતા. જય

તમે આ માયા વિસ્તારી, રચાવી જગત નરનારી.
દેવતા દૈત ભારી ભારી. રચ્યા શિવ વિષ્ણુ વિધાતા. જય
કુબુદ્ધિ કાપજો મારી. સુબુદ્ધિ આપજો સારી.
પ્રેમાનંદ ને દયા ધારી. મારા ઉરમા વસો માતા. જય

૩ કોઇનો ભાર ન રાખે મોરારી. એ રાગે.

તમે દયા કરીને પધારો, સતગુરૂ મને ભવ તારો. એ ટેક.
આવા ભવસાગરના દરીએ, કેવી રીતે પાર ઉતરીએ રે;
મારે માથે કરમનો ભારો. સતગુરૂ મને ભવ તારો. તમે.
જે આ પંડીત વાંચે પોથાં. તે સમજ્યાવિના છે થોથાં રે;
મારા ઉપર દયા તમે ધરો. સતગુરૂ મને ભવ તારો. તમે.
થયા પંથ ગ્રંથ ભારી ભારી, ઘણા મત થયા આચારી રે;
કરે દ્વેષને તકરારો. સત ગુરૂ મને ભવ તારો. તમે.
તમે તરણ તારણ છો સ્વામી, ઘટ ઘટના અંતરજાંમીરે.
કહે પ્રેમાનંદ બિચારો. સતગુરૂ મને ભવ તારો. તમે.

૪ એજ વણજારા રાગે

હું શરણે આવ્યો તમારા. હરિ દર્શન દો મને પ્યારા. ટેક.
મે આ સંસાર સ્નેહ છોડયો, હવે પ્રેમ તમારો જોડયોરે;
તમે સહુના છો રચનારા, હરિ દર્શન દો મને પ્યારા. હું.
મારી આયુષ્ય જાય છે વીતી, નહિ તોડુ તમારી પ્રીતિરે;
સહુ સગા સ્વારથી મારા. હરિ દર્શન દો મને પ્યારા. હું.
મારા ઉપર દયા તમે લાવો, આ ભવજળ પાર તરાવોરે;
સઉમાં છો સઉથી ન્યારા. હરિ દર્શન દો મને પ્યારા. હું.

મારી અરજી આ મનમાં લેજો. ભાવ ભક્તી તમારી દેજોરે;
પ્રેમાનંદના પ્રાણ આધારા, હરી દર્શન દો મને પ્યારા. હું.

૫ પેલા તમારા પ્રાણ એ માઢ. રાગે.

તમે કષ્ણ બિહારી, અરજી આ મારી, ભીડ નીવારજો. એ ટેક.
પ્રથવી પાણી અગન પવન, આકાશ સઉ વૈરાટ.
તમે રચાવ્યો ઠીક સજાવ્યો, ઘડી ઉતાર્યો ઘાટરે. તમે.
દેવતા દાનવ માનવ સર્વે, છે આ તમારો સાજ.
પણ તમે એ સર્વેથી ન્યારા. છો સહુના સીરતાજરે. તમે.
માત પિતા છો તમેજ મારા, કરો છો સર્વે કાજ.
માલ ખજાનો એ તમે છો. મારે, જીવન જળ અનાજરે. તમે.
અદ્રિષ્ટ છો તમે અંતરજામી. સઉમાં રહ્યા બીરાજ.
કહે પ્રેમાનંદ કરોડમાં કોઈ, એક જાણે મહારાજરે. તમે.

૫ એજ માઢ રાગે ગાજો.

હરી શરજનહારા, તમે હમારા, બંધ નીવારજો. એ ટેક.
પંથને ગ્રંથ મત ઘણાએ. થયા આચારી અપાર.
બોધ બધાનો એક નથી ને દ્વેષ કરે તકરાર રે. હરિ૦
પંડીત પોથાં પેટનાં થોથાં. કર્મે ફસાવે જાળ.
જન્મ મરણ એ ના મટાડે, ઠાલી વગાડે તાળરે. હરિ૦
કર્મ કરેથી ફળ મળે છે. ઉચનીચ સુખ દુખ.
એજ ચોરાશીમાં ભટકાવે, જગમા નથી સુખરે. હરિ૦
ઉંચ કે નીચ જે ભજે તેને, તારો છો કીરતાર.
કહે પ્રેમાનંદ અરજ મારી, મને એ ના કરો વારરે. હરિ૦

૬ એજ રાગે.

રામ રાજાના રાજા છો મહારાજા, વિશ્વ તમારૂ રાજ. એ ટેક.

મહેલ તમારો આકાશ છે આ, ભુમીસીચાસનસાજ;
તકીઓ તે મેરૂ ગીરી લગાવી, બેઠા છો મહારાજરે. રામ.

સીંધુ સરોવર શોભે છે સઉ, પરવતોની છે પાળ;
નદીઓ ફુવારા ચાલે છે સર્વે, જંગલ બાગ દયાળરે. રામ.

સુરજ ચંદ્ર દીપક બે છે, પવન પંખો અપાર;
ન્યાયકારી જગદીશ તમે છો, જીવ સભા નરનારરે. રામ.

સુખ બધાને ઇનામ દો છો, દુઃખ આપો છો જેલ;
કહે પ્રેમાનંદ કરમોના ફળ, દેવા તમારો છે ખેલરે. રામ.

૭ ઉપરના રાગે.

હરિ કૃષ્ણુ બિહારી, સઉ ગીરધારી, વિશ્વ તમારૂ રૂપ. એ ટેક.

પાતાળ છે તે પગ તમારે, સ્વર્ગ હરી છે સીસ;
પેટ તમારૂ સાગર સર્વે, નદીઓ નાડીઓ ઇસરે. હરી.

સુરજ ચંદ્ર આંખ્યો તમારે, મેરૂગીરી છે નાક;
કાન તમારે દસો દીશા છે, પવન પ્રાણુ અથાક રે, હરી.

મેઘ પરસેવો થાય છે રોમ, ઝાડી આકાશ શરીર;
પાવક છે તે મુખ તમારૂ, વેદવાણી ગંભીરરે. હરી.

યોગ યજ્ઞાદિ ભોગ તમારે, દેવતા દેવી છે હાથ;
પ્રેમાનંદના સ્વામી તમે છો, વીશ્વ જગતના નાથરે. હરી.

૮ નાથ કૈસે ગજકો બંધ છુડાયો. એ રાગ.

તમારી હરી માયા બધા રૂપ ધારે, એજ પેદા થાય એજ મારે;
તમારી હરી માયા બધા રૂપ ધારે. એ ટેક.

દેવતા માયા છે દેવ એ માયા છે, માયાજ યુદ્ધ પસારે;
માયાજ મારે છે માયા મરે છે, માયા જીતે માયા હારે. ત.
રાવણ માયા છે રામ એ માયા છે, માયા સીતા રૂપ ધારે;
માયાજ માયાને હરણ કરે છે, માયાજ:માયાને મારે. ત.
માયાજ કંસ છે માયાજ કૃષ્ણ છે, માયા રાધા થાય જ્યારે;
માયા રમે રાશ માયા રમાડે, માયા માયાને સંહારે. ત.
માયામાં સરવે આ જીવ ફસાયા છે, જન્મે મરે વારે વારે;
પ્રેમાનંદ કરજોડે માયાથી, તમ વીના કોણ ઉગારે. તમારી.

૯ એજ રાગે.

હરી તમે માયાથી જાળ રચાવ્યો, એનો પાર બ્રહ્માને ના આવ્યો,
હરી તમે માયાથી જાળ રચાવ્યો. એ ટેક.
બીજ બધાનુ માયા છે એથી, આકાશ પહેલો રચાવ્યો;
આકાશથી તમે પવન ઉપાવ્યો, પવનથી અગન બનાવ્યો. હ૦
અગન થકી તમે જળ ઉપજાવ્યોને, જળમાથી થળ આ જમાવ્યો;
જીવોને કર્મ કરાવવા ભોગવવા એ, પાંચોથી વિશ્વ સજાવ્યો. હ૦
પોતાના પુર્વ કર્યા કર્મોથી, આ જીવ એમા છે ફસાવ્યો;
જોગી જતી તપસી ત્યાગી પંડીત, કોઇને એ પાર ના આવ્યો.
અગમ અપાર તમારી ગતી તેથી, બ્રહ્માજીએ ગભરાવ્યો;
એ કરજોડીને કહે પ્રેમાનંદ, ગુરૂજીએ ભેદ બતાવ્યો. હ૦

૧૦ નજાણ્યું જાનકી નાથે, સવારે. એ રાગે.

ધન છે કૃષ્ણ ગીરધારી. રચી તેં, જગત નરનારી. એ ટેક.

રચીને તેં આ ધરતી છે. પાણીમાં મેલી ફરતી છે.
ના ડુબે સાથી તરતી છે. કોઈ ના જાણે નરનારી. ધન૦
એવા મોટા જે સાગર છે. તે તારી મર્યાદે રે છે.
સુરજ ત બાળીના દે છે. બધાને બીક છે તારી. ધન૦
હવાએ ચાલે છે ખાસી. તારી આજ્ઞાથી અવિનાશી.
વરસાદ વરસે આકાશી, પીએ પાણી જગત સારી ધન૦
હમારે માટે અન ખાવા. થાય તે ફુલ ફળ માવા.
પ્રેમાનંદ વસ્ત્ર એ થાવા, દયા તારી છે ગીરધારી. ધન૦

૧૧ એજ ગઝલ રાગે

ન જાણે કોઈએ નરનારી, હરિ એવી અકલ તારી. એ ટેક.
બાળ તે જુવાન વૃદ્ધ થાય, વેલ ને ઝાડ વધી જાય.
ના કોઈને નજરે દેખાય, હરિ એવી અકલ તારી. ન૦
સુરજને ચદ્રમા બે છે, અધર આકાશમાં રે છે.
જગતના કામ કરે એ છે. હરિ એવી અકલ તારી. ન૦
ઇંદ્ર તે પાણી વરસાવે, તાડ ને તડકો એ આવે.
બધા અન્ન વસ્ત્ર ઉપજાવે. હરિ એવી અકલ તારી. ન૦
દયાને દાન જે કરશે. ને તારૂ ધ્યાન જે ધરશે,
પ્રેમાનંદ તેજ ભવ તરશે, હરિ એવી અકલતારી, ન૦

૧૨ કોઇનો ભાર ન રાખે મોરારી. એ રાગે.

કે છે કે દ્રૌપતી અબળા નારી, મારી લાજ રાખો ગીરધારી
એવા કૌરવોએ છળ કીધા. બધા રાજ અમારા લીધા રે,
લાજ લેવાની વાત વિચારી, મારી લાજ રાખો ગીરધારી.

મારા કેશ ઝાલીને મને તાણી, ભરી સભાની વચ્ચે આણીરે,
મારો ચીર લેવાને ઉતારી. મારી લાજ રાખો ગીરધારી.
જુઓ સર્વે સભાના માંઇ, મારૂ કોણ બધા અન્યાઇરે.
મને શરીરે કરશે ઉઘાડી, મારી લાજ રાખો ગીરધારી.
ઘણા ભગ્તોની ભીડ હરો છે. તમે હમને સહાય કરો છોરે
પ્રેમાનંદના છો હીતકારી, મારી લાજ રાખો ગીરીધારી.

૧૩ એજ રાગે ગાજો.

કે છે દ્રોપતી સભામાં આજ, મારી લાજ રાખો મહારાજ;
જુઓ કૌરવો સભામાં છળીઆ, બધા કપટી આવીને મળીયારે.
એવિ લાજ લેવાની છે દાજ, મારી લાજ રાખો મહારાજ.
મારા પતી ઘણા છે શૂરવીર. પણ ધરમથી ધારી ધીરરે.
તમે સઉ રાજાના શીરતાજ, મારી લાજ રાખો મહારાજ,
દ્રોણ કરણ ભિષ્મ બ્રહ્મચારી. એમની એ મતી ગઇ મારીરે
લાજ જરૂર જવાની છે આજ, મારી લાજ રાખો મહારાજ.
જો ના આવશો જાદવરાય, તો હું મરીશ સભામાંયરે,
પ્રેમાનંદના કરજો કાજ, મારી લાજ રાખો મહારાજ.

૧૪ ન જાણ્યું જાનકી નાથે સવારે. એ રાગે.

ભજોને શ્રી હરિ ભાઇ. રામ કે કૃષ્ણને ગાઇ. એ ટેક.

ઘડા જેમ પાણીના ફુટે, પાંદડાં ઝાડથી તુટે.
ઘડીમાં પ્રાણ તેમ છુટે, માનજો લોક મન માંઇ ભ.

સગા વાલા સઉ રોઇને. ઉભારે સ્વારથી જોઇને.
કોઇના છોડવે કોઇને, સંગના આવે રે ભાઇ. ભ.

હુકમ હોદ્દા પાવર ભારી. ગાડી ઘોડા મોટર નારી.
છોકરાં સંપતી સારી, રહેસે આંહીનિ આંહી. ભ.
આવરદા જ્યારે આ ખુટે, ત્યારે કોઇ માથુ જો કુટે.
તોયના છોડે જમ લુંઠે, પ્રેમાનંદે કહ્યું ગાઈ. ભ.

૧૫ એજ રાગે ગાજો.

કરોને દાન દયા ભાઇ, ધરમને ધારો મનમાંઈ. એ ટેક
તમારે માલ ધન જે છે, પૂર્વના પુન્યથી તે છે.
બધાના ધર્મમાં કે છે, જુઓ સઉ સાસ્ત્રોમાં ભાઇ. ક.
તમે જે પૂર્વે કીધા છે, પુન્ય કે પાપ લીધા હે.
હરીએ તેના દીધા છે, સુખ કે દુખ જગમાંઇ. ક.
પુર્વના પુન્ય પાપ લઇને, ભોગો છો સુખ દુખ સઈને
વાત આ શાસ્ત્રે સમજઇને, કહી છે માનો કે નાઇ. ક.
હવે આ કર્મ કરશો જે, પુન્ય કે પાપ ભરસો તે.
પછી ભોગ વસો સર્વેએ, પ્રેમાનંદ જન્મીને આંઇ. ક.

૧૬ એ રાગ.

જે ઇશ્વર જગ રચાવે છે, ધરી દેહ તેજ આવે છે. એ ટેક.
રચે જે વિશ્વ આ સારી, તે આવે દેહને ધારી.
ભજે જે સાચા નરનારી, તેઓની ભીડ ભગાવે છે. જે.
ભાવથી નામ જે લે છે, તેને એ દર્શને દે છે.
ગીતાને ભાગવત કે છે, ભગ્તને ભવતરાવે છે. જે.
તેથી એ ભગ્ત તારણુ છે, જગ્તના એજ કારણુ છે.
બધા વિશ્વના ધારણુ છે, આવા તો વેદ બતાવે છે. જે.

સર્વેના જે છે રચનારા, તે સઉના પ્રાણ આધારા.
એ પ્રેમાનંદને પ્યારા બધા ભગ્તોને ભાવે છે. જે.

૧૭ એજ રાગે ગાજો.

જેણે આ જીવ રચાવ્યા છે, તે ઈશ્વર જગમાં આવ્યા છે. એ ટેક
રામ તે રાજનીતીથી. કૃષ્ણતે ભક્ત પ્રીતીથી.
જગત્માં વેદ રીતીથી, બધા દૈતો મરાવ્યા છે. જેણે.
રાવણને કંસને મારી. વિપત્ત દેવતોની સંહારી.
ભકત જે સાચા નરનારી. તેઓને ભવ તરાવ્યા છે. જેણે.
રામ એ બાણ ચલાવીને, કૃષ્ણે બંસી બજાવીને.
સર્વના ધર્મ બતાવીને, દયાને દાન કરાવ્યા છે. જેણે.
તેથી સઉ વાસના તોડી; વિષયથી મનને મોડી.
પ્રેમાનંદ ચીતને જોડી, ભજો તે સઉને ભાવ્યા છે. જેણે.

૧૮ શ્રી કૃષ્ણ જન્મ લીલા.

સાખી કહીને મીઠડા ગોરસલો ગોરસલો એ રાગે.
ચાલો શૈયર તૈયાર થઇએ રે. જઇએ જોવાને જોવાને.
આનંદ થાય આપડા હૈયેરે, જઇએ જોવાને જોવાને. એ ટેક.
સાખી. ધન ધન છે દિન આજનો. ધન છે ગોકુળ ગામ.
નંદને ઘેર આનંદ થયો. જનમ્યા છે ઘન શ્યામ.
સજો સર્વે સખી શણગાર રે. જઇએ. જોવાને જોવાને
જાણે જનમ્યા જગ આધારરે. જઇએ જોવાને જોવાને ચા.
સાખી. જગમગ જગવી જોતને. સોનાના લઇ થાળ,
ભરીએ સાચા મોતીડે. વધાવીએ તે બાળ.

દરશન કરી વારણા લઇએરે, જઇએ જોવાને જોવાને.
હરખે હાલરડા ગઇએરે, જઇએ જોવાને જોવાને. ચા.
સાખી. કામ દેવ પંણ દેખીને, મનમાં સરમઇ જાય.
એવા સુંદર સ્યામ છે. જોતાં મન હર ખાય.
નથી કોઇએ એની સમાન રે. જઇએ જોવાને જોવાને
જેવા જગપતી છે ભગવાનરે. જઇએ જોવાને જોવાને. ચા.
સાખી. સૂરજ સરખાં તેજ છે, મુખડું ચંદ્ર સમાન.
રોમ રોમ ચલકી રહ્યા; જેમ તારા તેમ કાન.
હરી જનને દરશન થાય રે, જઇએ જોવાને જોવાને.
કરજોડી પ્રેમાનંદ ગાયરે. જઇએ જોવાને જોવાને. ચા.

૧૯ ખમાકાન ઝુલણી ક્યાંરે વીસારી. એ રાગ.

નંદ ઘેર જઇએ જીરે વીઠલના વારણા લઇએ જીરે.
હરખે હાલરડા ગઇએ જીરે. આજ સખી આનંદનો છે. દાડો. ટે.
ચાલોને સૈયર નંદ ઘેર જઇએ. શણગાર સજવા માંડો.
જશોદાજીનો લાલ રમાડીએ, ધન ધન આજનો દાડોરે. નંદ.
સોનાને પારણે મોર મેલ્યા છે. રેશમની બાંધી દોરી.
અતી આનંદ છે નંદના મનમા, હીંચાવે જશોદા ગોરીરે. નંદ.
ટોળાના ટોળા જોવાને લોકો. પડતા આખડતા આવે.
વાલાને વાસ્તે ઝબલાને ટોપીઓ. હૈયે હરખતા લાવેરે નંદ.
જુવોને સર્વે વ્રજની નારીઓ. અતિ આનંદમા ફુલી.
વાછયડા છોડીને ગાયોને દોવા, મૈયડાં વલોવા ભુલીરે. નંદ.

ગોપીઓ સર્વે જુવોને સૈયર અવળા સજ્યા શણગાર.
ઓઢવાના પેર્યાને. પેરવાનાં ઓઢયાં. ભાન નથી લગારરે. નંદ.
આંખોનાં કાજળ પાંનમાં ખાધાં. ચોપડીને વેલી ચાલે.
કુંકુ આંજ્યા આંખમાં ભુલીને. ચાંદલાં ચોઢયાં ગાલેરે. નંદ.
અબીલ ગુલાલ ઉડે છે ઓછવ. થાય છે મંગળ ગવાય.
બ્રહ્માદિ ઇન્દ્રાદિ દેવતા, જોવાને આવ્યા ત્યાંયરે. નંદ
ભાગ્યશાળી સહુ વ્રજવાશીને, પાવન કર્યાં નંદલાલે.
ભાવે ભજ્યા તેને ભવજળ તાર્યાં, પ્રેમાનંદને વાલેરે. નંદ.

૨૦ શ્રી કૃષ્ણ બાળ લીલા.

હરિ ભજતાં હજુ કોઇની લાજ. એ રાગ.

હવે માધવ નંદનો લાલ. સખિ થયો મોટોરે.
મારે ઘેર આવ્યો હતો કાલ, કાઢે છે દોટોરે.
આવ્યો આજ એ નંદનો લાલ. માખણ ખાવારે.
રોકી રાખ્યો મેં ઝાલીને હાથ, ના દીધો જાવારે.
રોઇ રીસાઇને એ વાલે. ફોડી મારી ગોળીરે.
મારા ઘરમાં થોડી થોડી. બધે છાશ ઢોળીરે.
મેં તો ઘેબરને ઠોર કાજ. ખાવાને આલ્યોરે.
ત્યારે રાજી થયો વૃજ રાજ. એને ઘેર ચાલ્યોરે.
એવો પ્રેમાનંદનો નાથ. દાડી વિતાડે રે.
મારો ઝાલીને તાણે ચીર. તાફાન માંડેરે.

૨૧ "ગોકુળીઉ રૂડું ગામડીઉં શા. એ રાગ.

એવો છે સખિ આડો એતો. જશોદાનો કાન. એ ટેક.

જુમનાજી જઉંછું જ્યારે, મારી કેડે આવે ત્યારે.
ના કહું તો ના માને, એવો. આડો છે. નાદાન. એવો.
રસ્તે જાતાં રોકે છે, લોકોને એ ટોકે છે.
કાંકરા નાખે ગોપીને, એવી છે એની સાન. એવો.
ચીર ઝાલી તાણે છે, રીત ના જાણે છે.
મને છે બીક લોકની, એને તો નથી ભાન. એવો.
માથેથી એ ઝટકે છે, ગાગરી પટકે છે.
એ નાથ છે પ્રેમાનંદનો, એને છે અભિમાન. એવો.

૨૨ સંતો હમે વહેવારીઆ શ્રી રામના.
વેપારી આવોને બધા ગામગામના સંતો. એ રાગે.

નંદલાલે સૈયર મારી ફોડી મટકી;
છાને માને આવી ઝટ ઝાલી પટકી. નંદ એટેક
વંદ્રાવન હું ગઇતી મઇ વેચવા આજે,
કેડેથી એ આવ્યો મને રોકવાને કાજે. નંદલાલે
મે કહ્યું કે વાટે મને કેમ રોકી કાના,
મારા મોની ગાળ ખાશો જાઓ છાનામાના. નંદલાલે
ત્યારે મારા માથેથી ઝાલીને ઝટકી,
હુંતો રડવાને લાગી એણે પટકી. નંદલાલે
પછી મારા મનમાંએ રીસ ખટકી,
એતો એને ઝાલ્યો પણ ગયો છટકી. નંદલાલે
લાખનું છે મઇ લાખની છે મટકી,
હાણ કરી મારી કયાંય ગયો સટકી. નંદલાલે

પ્રેમાનંદ ના સ્વામી વિના હું અટકી,
એને સોધવાને હું તો બધે ભટકી. નંદલાલે

૨૩ એજ રાગે ગાજો.

સખી જશોદાના લાલને ઝાલી લઇએ,
ઝાલી લઇએ ચાલો બાંધી દઇએ. સખીજશોદા
આજે એને સખી બનાવી નચઇએ,
વચ્ચે રાખી એને થઇ થઇ ગઇએ. સખીજશોદા
છોડાવા આવે જો એનો મોટો ભઇએ,
તેને પણ પાંદડેથી પાંણી પઇએ. સખીજશોદા
પછી એને લઇ એને ઘેર જઇએ;
જશોદાને એની બધી વાત કહીએ. સખીજશોદા
કઇએં મારી હાંણુ કરી તારે છઇએ,
મટકી ફોડીને મારૂ ઢોળ્યુ મઇએ. સખીજશોદા
એવી રીતે વડી બધું મુલ લઇએ,
પ્રેમાનંદના સ્વામીની દાસી થઇએ. સખીજશોદા

૨૪ ધન જેણે ગોવિંદ ગાયા. એ રાગે.

જશોદા ને ત્યાં જઇએ એકાંનને, ચાલોને ઝાલી લઇએ. ટેક.
બધાએ એના વાંક બતાવી. થાંભલે બંધાવી દઇએ. એકાંનને
ઘણા દાડાની દાઝ છે આપડે, સોટીઓનો માર ખવઇએ. એ૦
એને જશોદાં બહુ ધમકાવશે, તે જોઇ રાજી થઇએ. એ૦
મધરાતે મારે ઘેર આવીને, ચોરીને ખઇ જાય મઇએ. એ૦
આજ ભલો આ લાગ આવ્યો છે, દહાડી વિતાડયા કનેએ. એ૦

ગામમા આપડા ઘર મેલીને, નાસીને કયાં જઇ રઇએ. એ૦
પ્રેમાનંદના સ્વામીને ઝાલી, આપડે આનંદ થઇએ. એ૦

૨૫ એ રાગે ગાજો.

સૈયર ચાલોને જઇએ એકાંનને, સખી બનાવી નચઇએ. એ ટેક
શણગાર સજાવીને સખી બનાવી, થઈ થઈ આપડે ગઇએ. એ૦
પચરંગી ઘાઘરોને નવરંગી ચુંદડી, રેશમી ચોળી સીવૈએ. એ૦
જેમ આપડે સઉ સખીઓ રમીએ, તેમ એને લટકા કરઇએ. એ૦
આગળ પાછળ આપડે રઇને, નાસી જવા ના દઈએ. એ૦
દાડી દાડી ઘણું દુખ દીધાં છે, જશોદાજીને છૈએ. એ૦
ગાયો ચારે જુઓ ગાય છે, ગીતાં૦ જુમનાના તીરે જઇએ. એ૦
પ્રેમાનંદના સ્વામી સામળીએ. બંસીવગાડી કનઈએ. એ૦

૨૬ શ્રી કૃષ્ણ બંસી લીલા.

ભોજા ભગતનો, અથવા માઢ રાગ.

કાન નંદના લાલા, એવી વાલા. બંસી ના વગાડ. એ ટેક
બંસી સાંભળી મારગે જાતાં, ભુલે પડયાં છે લોક.
વૃજની નારીઓ સાંભળવાને, દોડીઓ થોકા થોક રે. કાન.
ગોપીઓ જોને ગઈ છે ભુલી. ઘરના કરવા કાજ.
ઘાઘરા ઓડયાને સાડીઓ પહેરી, લોકની ભુલી લાજરે. કાન.
આંખના કાજળ પાનમાં ખાધા. ચોપડીને નંદલાલ.
કંકુ આંજયા આંખમાં જોને, ચાંદલા ચોડયા ગાલરે. કાન.
બંસી નથી મોહકટારી. પ્રેમ છે એની ધાર.
પ્રેમાનંદના નાથ તમારે, મોહેમાર્યા નરનારરે. કાન.

૨૭ એજ માઢ રાગ

એવી બંસી સાંભળી ગોપીયો બાવળી, થઇઓ જોને કાન. એ ટેક.
વૃજની નારીઓ વગર બેડે, પાણી ભરવા જાય.
ઉઢાણીઓને હાથમાં ઝાલી. પ્રેમમાં ગીતાં ગાયરે. એવી.
દોણીઆ વની દોવા ચાલી. ભાન ભુલી છે છેક.
ગાયોને તો છોડી મેલી. ઉંટડી ઝાલી એકરે. એવી.
વાછડા ભુલી છોકરા બાંધ્યા. પાંથરી બેઠી ચીર.
ભોંયમાં લાગી દૂધ દોવાને, ઊઘાડે શરીરરે. એવી.
ઢોરને ભુલીને ધણીને હાંકે. ડમણુ મારે કાન.
પ્રેમાનંદના નાથ તમારા પ્રેમમાં ભુલી ભાનરે. એવી.

૨૮ એજ માઢ રાગ.

અરે વૃજની નારી. પ્રેમથી પ્યારી. સાંભળને એક વાત. એ ટેક.
બંસી સાંભળી વનમાં નાચે; મોર ભુલી જાય ભાન.
દેવતા દાનવ સર્વે ભુલે, દેહના અભિમાન રે. અરે.
બંસી સાંભળી બ્રહ્માભુલે. વેદ વાણીના જ્ઞાન.
તપસી લોકો તપને ભુલે. શીવજી ભુલે ધ્યાન રે. અરે.
બંસી સાંભળી અપ્સરાએ. સ્વરગની શરમાય.
ગંગા જુમના નીરના ચાલે. સાંભળવા થીર થાયરે. અરે.
બંસીમાં સૌ રાગથી જોને અગળ ગીત ગવાય,
પ્રેમાનંદના નાથની એવી. બંસી વાગેને ગાયરે. અરે.

૨૯ રાગ ઉપર પ્રમાણે.

હવે પ્રેમથી પ્યારી વૃજની નારી. સાંભળ બીજી વાત. એ ટેક.

બંસીમાંજો મોહી રહ્યા છે, જગતના નરનાર.
દેવતા દાનવ સર્વે મોહ્યા, મોહી રહી સંસારરે. હવે.
બંસીમાં થળ જળના બધા, મોહી રહ્યા છે જીવ;
બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્ર મોહ્યા, મોહાયા છે શીવરે. હવે.
બંસીમા સૌ તપશી ત્યાગી, મોહ્યા છે ઋષિ રાજ.
મોટા મોટા પંડીત મોહ્યા૦ નારદજી શીરતાજરે. હવે.
બંસી મારી રંગ રંગીલી, છે અલબેલી છેલ;
"પ્રેમાનંદ" કહે કોઇના પામે. પાર પ્રેમી ને સેલરે. હવે.

૩૦ (શ્રી કૃષ્ણ રાસ લીલા)

ખમા કાન ઝુલણી કયારે વિસારી—એ રાગે

કાનજી પાતળીયારે સાંભળો ગાયના ગોવાળારારે.
આવજો વહેલા છોગાળારે; આજ તમે અમને રાસ રમાડો. એ ટેક.
મોહન તમારૂ મુખડું જોઇને. મોહ થયો મનમાય,
તેથી મહિ વેચવાને બહાને. કેવા હું આવી આંયરે. કાનજી.
પહેરો પિતામ્બર કસબી જામો. પચરંગી પટકો વાલા.
માથે મુંગટને કાને કુંડળ. કરે કંકણ નંદલાલારે. કા૦
અણીઆળી આંખે કાજળ આંજો. પગે ઝાંઝર છમકાવો.
છમ છમ કરતા ચાલજો વાલા. વેણુ વગાડતા આવોરે. કા૦
સખીઓ સર્વે શણુગાર સજીને. રાસ મંડળમાં આવી.
પ્રેમા નંદના નાથ ઉતાવળા. પાન બીડુ લો ચાવીરે. કા૦

૩૧ (એજ રાગે)

નટવર નાનડીયારે નંદનાલાલજી શ્રાંમળીયાંરે,
મનહર મારા પાતળીઆરે, મારે ઘેર સાંજે જરૂર આવજો. એ ટેક.

મોહન મોરલી વાટે વગાડતા, આવજો મારે તહિં.
મારી મા પૂછે તો કહેજો કે હું તો, અમથો આવ્યો અહિંરે. નટવર.
ઉના કરીને જમુના જળથી, તમને નવરાવીશ.
ભાવથી ભોજન રાંધીને મારા. હાથે હું ખવરાવીશરે. ન૦
પ્રેમથી પલંગ રેશમી રજાઇ, પાંથરી આપીશ માવા.
ઘડીક પોઢજો પછી બે જઇશું, રાસમાં રમવા ગાવારે. ન૦
હઇઆના હારછો પ્રાણ આધાર છો. મારી બે આંખ્યોના તારા,
પ્રેમાનંદના નાથ વહેલા આવજો. પ્રાણ પતિછો મારારે. ન૦

૩૨ શ્રી કૃષ્ણ, મોહ લીલા

ધન્ય જેણે ગોવીંદ ગાયા સંસારમાં. એ રાગે.

ચિત દાડી ભટકેરે; મારૂ મન મોહ્યું મોહનને લટકે ટે૦
સણગાર સર્વે સજ્યા છે વહાલે, મોહી પીળા પટકે રે, મા.
કાજળ આંજયાં નંદના લાલે. નયણાં એના સટકે રે. મા.
મનહર માવો વેણ વગાડે. વાંસડાના કટકે રે. મા.
ભર ઉંગમાં સુતિ જગાડી. કામ કાળજે ખટકે રે. મા.
સગા વહાલાની લાજ મેં છોડી. એનામાં જીવ ભટકે રે. મા.
સર્વે સૈયરની પ્રિત મેં તોડી. મરી હું મોહ ઝટકે રે, મા.
ભવ જળ ખારા ઘડાને ફોડી, પીધું મેં પ્રેમ મટકે રે. મા.
કહે પ્રેમાનંદ કયાં જાઉં દોડી. મન એમાં અટકે રે. મા.

૩૩ એજ રાગે.

વાત સાંભળ સાહેલી, કાનુડે મને કરી છે ગાંડી ઘેલી. ટે.
શાન કરીને તેડી મને વાલે. જસોદા જીને લાલે. કા૦

રાતે મને કાંક ખાવાનું આલ્યું, તેમાંજ કામણ ઘાલ્યું. કા૦
એને મને એવું ચેટક કીધું, અનજળ છોડી મેં દીધું. કા૦
લોકમાં મારી લાજ હવે જાશે, લગ્ન મારા નહિ થાશે. કા૦
કાળી કુબજાને કેડે ફરે છે, મને એ કેમ ના વરે. કા૦
હવે હું એ મારૂ ધાર્યું કરીશ. એનેજ હું તો વરીશ. કા૦
પ્રેમાનંદના નાથને ઝાલી, હું તો રહિશ મહાલી. કા૦

૩૪ એજ રાગે.

કર જોડીએ હમે તમને નંદલાલ, રાસ રમાડો હમને એ ટેક.
હાથે અમારે કંકણ ખડકે, કંકણ ખડકે ખનનન. નંદ૦
પગે હમારે ઝાંઝર ઝમકે, ઝાંઝર ઝમકે ઝનનન. નંદ૦
પગની આંગળીએ વિછવા છમકે, વિછવા છમકે છનનન. નંદ૦
લલાટે વાલા ચાંદલા ચમકે, ચાંદલા ચમકે ચનનન. નંદ૦
તમને જોઇ મારૂ હૈયું હરખે, હયું હરખે હનનન. નંદ૦
સર્વે સખીઓ ટોળે મળીને, આવી છે વંદરા વનનન. નંદ૦
પ્રેમાનંદ કહે તમને જે મોહ્યા, તેમના ભાગ્ય છે ધનનન. નંદ૦

૩૫ એજ રાગે.

વગાડજોને વગાડજો વેણુ, વનમાં વીઠલ વગાડજોને. એ ટેક
આળસીયા ઉંગમાં નર નારી, તે સર્વેને જગાડજો ને. વે.
ગોકુલની સઉ ગોપીઓને વાલા, તેડવા હાંકો પાડજોને. વે.
તમારા ચરણે ચીત્ત હમારા, પ્રેમથી દાડી લગાડજોને. વે.
બડભાગી રાધાને હાથ ઝાલી, નંદલાલ તમે નચાડજોને. વે.
રાધાની સાથે માધવ હમને, સઉને રાસ રમાડ જોને. વે.

અર્ધી રાતે વંદ્રાવનમાં, હુમને આનંદ પમાડજોને. વે.
રાસ મંડળમાં સઉ સખીઓને, અબીલ ગુલાલ ઉડાડજોને.વે.
પ્રેમાનંદના પ્રાણ આધાર છો, પ્રેમ રસ માવા લુટાડજોને.વે.

૩૬ શ્રી કૃષ્ણ વિયોગ લીલા.

મન તુ સીદને કલપના કરે કૃષ્ણને, એ રાગ.

મારો પીયું દ્વારકાં જાય, સખી રોકી રાખો સમજીને, એ ટેક.
સખીયો આવો સૌ સમજાવો. બે ચાર વાતો કહીને.
સર્વ સણગાર સજીને આવો, નાચો મંગળ ગઇને. સખી.
પીળાં પટોળાં પહેરો સૈયર, ચોળીઓ તંગ શીવઇને,
પગમાં અણુવટ વિંછવા પેરો, ઝાંજરીયા છમકઇને. સખી.
કમર કસી સોનાની પેરો, ચુડલો રતન જડઇને,
માથા ગુથોને પાંથી પાડો, ચાંદલીયા ચમકઈને. સખી.
કામણગાળા કાજળ આંજો, મોહુન રઇ જાય મોહીને,
પ્રેમાનંદના નાથ વીના હું, મરીસનીત રોઇ રોઇને. સખી.

૩૭ એજ રાગે ગાજો.

વાલો ચૌદ લોકનો નાથ. સખી તે કોનાથી રોકાય. એ ટેક
બ્રહ્મા વેદ વિચારે એનો, પાર પામવા જાય.
શીવ સનકાદિક ધ્યાન ધરે છે. તોય પાર ના પાય. સખી.
જેની ઇચ્છાથી બ્રહ્માંડ સર્વે, સંસાર ઉત્પન્ન થાય,
તેના કહ્યામાં દેવ બધા છે, વરસાદે વરસાય. સખી.
એને પામવા તપાસી લોકો. તપસ્યા કરે વનમાંય,
ધ્યાની લોક નીત ધ્યાન ધર છે, જ્ઞાની સઉ ગુણ ગાય. સખી.

જગપતી જગજીવન છે. એ, તારોજ કેમ કેવાય,
પ્રેમાનંદનો પ્રાણુનાથ તે, અંતરમાં દરસાય. સખી.

૩૮ એજ રાગે ગાજો.

વાલો ચૌદલોકનો નાથ, સખીતે પ્રેમીને વસ થાય. એ ટેક
પ્રેમ વિના તપસીને ત્યાગી. તેમને એ ના દરસાય,
કુબજા કાળી ને કુબડી તોય, ગયા છે તેને ત્યાંય. સખી.
પ્રેમ વિના જે વેદ વાંચે તે પંડિત પણુ કેવાય,
તોય ચેને ના મળે ગોપીને, ઘેર નાચે ને ગાય. સખી.
પ્રેમ વિના પુરૂષોતમ સ્વામી, કોઇના એ ઘેરના જાય.
વિદુર ભક્તની ભક્તાંણીના, કેળાં છોતરાં ખાય. સખી૦
પ્રેમ વિના નાચ ગાય નાચેને, તીરથોમાં ભટકાય,
પણુ તે વાલો પ્રેમાનંદનો, નાથ ભેળો ના થાય. સખી.

૩૯ એજ રાગે.

મારા પીયુને મળવા કાજ, સખી હું તો વેરાગણુ થઇશ. ટે.
સણુગાર સર્વે તજી સરીરે, ચંદન ચોપડી લઇશ.
કંઠી માળા પેરી ગળામાં, ગોવિંદના ગુણુ ગઇશ. સખી૦
બદ્રિનાથને હરિદ્વારે હું, જગંનાથજી જઇશ;
કાશી ને જે પ્રાગ રાજ છે, તે સઉ તીરથ નઇસ. સખી૦
રામેશ્વર જઇ મહાદેવને, ગંગાજળ ચડઇશ,
પછી દ્વારકાં જઇ વાલાનું, ધ્યાન ધરીને રઇસ. સખી૦
ભુખ લાગશે તો સજ્જનની, પ્રેમ પ્રસાદી ખઇશ,
પ્રેમાનંદના નાથને મળતાં. હરીજનના દુખ સઇસ. સખી૦

૪૦ સાખિ કહીને મીઠડા ગોરસ લો એ રાગે.

સાખી. સિયાળાનિ ટાઢમાં; સીદ ગયા પરદેશ.
ભરજોબનમાં એકલી, હું છું બાળે વેશ.
મારી કોણ લેશે સંભાળરે વાલા, ઘેર આવો ઘેર આવો.
જરા દયા કરો દયાળ નંદલાલા, ઘેર આવો ઘેર આવો.
સાખી. ઉનાળે તપે તાપ છે, ઘણો દિવસ ને રાત.
અતિ અકળામણ થાય છે, કોને કહીએ વાત.
મારો પ્રાણ ઘણો ગભરાયરે વાલા, ઘેર આવો ઘેર આવો.
નહિ આવો તો જીવ આ જાય નંદલાલા, ઘેર આવો ઘેર આવો
સાખી. ચોમાસામાં હીંચકો, છે પણ શુળી સમાન.
તમ વિના શા કામનો, જાણો છો ભગવાન.
મારી અરજ મનમાં લેજોરે વાલા, ઘેર આવો ઘેર આવો.
મને દરશન વેલા દેજો નંદ લાલા, ઘેર આવો ઘેર આવો.
સાખી. વરથી શોભે જાન છે, કમળે સરોવર નિર.
તેમ તમથી હમે શોભીએ. મારી નણદના વિર.
મારો આવીને ઝાલો હાથરે વાલા, ઘેર આવો ઘેર આવો.
તમે પ્રેમાનંદના નાથ નંદલાલા, ઘેર આવો ઘેર આવે.

૪૧ એજ રાગે ગાજો.

સાખી. મારી સઉ સાહેલીઓ, સજી સજી સણગાર.
રાસ રમવાને જાય છે. જેનો ઘેર ભરથાર.
હમે રાસ રમ્યા વિના રહીએરે વાલા, ઘેર આવો ઘેર આવો
તમ વિના શી રીતે જઇએ નંદલાલા, ઘેર આવો ઘેર આવો

સાખી. પતિ જેનો પરદેશ છે; તે જો કંઇએ જાય.
તે નારીની જગતમાં, હાંશી ફજેતી થાય.
વળી ધીક તેનો અવતારરે વાલા, ઘેર આવો ઘેર આવો.
સઉ નિંદ તેને સંસાર નંદલાલા, ઘેર આવો ઘેર આવો.
સાખી. શાસ્ત્ર કહે છે જગમાં જે, પતિવ્રતા છે નાર.
પાળે પોતાના ધર્મને, તેનો ધન અવતાર.
થાય તેનો સ્વરગમાં વાસરે, વાલા ઘેર આવો ઘેર આવો.
મળે તેને હરિ અવિનાશ નંદલાલા, ઘેર આવો ઘેર આવો.
સાખી. નહિ આવો તો શામળા, જીવ મારો આ જાય.
તમને લાંછણ લાગશે, આવો જાદવ રાય.
જરા મનમાં કરો વિચારરે વાલા, ઘેર આવો ઘેર આવો.
પ્રેમાનંદના પ્રાણ આધાર નંદલાલા, ઘેર આવો ઘેર આવો.

૪૨ માઢ રાગે ગાજો.

મારા પ્રાણ આધારા, મોહન પ્યારા, ઘેર પધારોને. ટે૦
મોહન મને ઘેર મેલીને, શીદ ગયા પરગામ;
હેયું મારૂ ધડકે છે આ, આવજો વહેલા શામરે. મારાપ્રાણ.
મોહથી મને મોહન તમે, બાંધી ગયા વૃજરાજ;
તમારા માટે શામળીયા મેં, લોકની છોડી લાજરે. મારાપ્રાણ
માછલી જેમ પાણીવિનાની, તરફડે દિનરેન.
તેમ તમારા વગર મને, જરાએ નથી ચેનરે. મારાપ્રાણ
સાંભળો મારી અરજ છે આ, ઘેર આવો એકવાર;
પ્રેમાનંદના નાથ તમારા, ચરણોનિ બલીહારરે. મારાપ્રાણ

૪૩ એજ રાગે ગાજો

તમે મોહન પ્યારા, પ્રાણ આધારા, ઘેર પધારોને. એ ટેક.
મોહન મને ઘેર મેલીને, દ્વારકાં ગયા શામ;
તમ વિના કશું ગમતું નથી, વૃજ તે બધું ગામરે. તમે મોહન
જોબનમારૂ જોરમાં છે આ, વૃથા વિતી જાય;
તમવિના જેમ પાણી વિનાની, ચંબેલી કરમાયરે. તમેમોહન
સેજ બિછાવું શામળા સારી, કુલનિ હું બહુ ભાત.
તમવિના મને ઉંઘ ના આવ, જરાય દાડો રાતરે. તમેમોહન
શણગારે મને ગમતા નથી, ભોજન મારા નાથ.
તમવીના પ્રેમાનંદના સ્વામી, કોણ ઝાલે મારો હાથરે. તમેમોહન

૪૪ ન જાણ્યું જાનકી નાથે સવારે. એ રાગે.

દરશન દે મોહન પ્યારા, મને તું વિશ્વ આધારા. એ ટેક
તારો વિયોગ સતાવે છે, મને અંજળ ના ભાવે છે.
વળીના ઉંઘ આવે છે, વીના તારા મોહન પ્યારા. દ૦
આવને ઘેર દયા ધારી, મને હું દાસી છું તારી.
અરજ આમાનને મારી, મારોતું પ્રાણ આધારા. દ૦
દગોતેં દીધો છે ભારી, મને સાવાંકે વીસારી.
હવે તો કરમને પ્યારી, પતી મારો છોડવનારા. દ૦
નીરાધાર નાથાહું નારી. મનેના છોડ ગીરધારી,
પ્રેમાનંદ જાય બલીહારી, મારી આંખ્યોના તુતારા દ૦

૪૫ એજ રાગે ગાજો.

જોઇને સ્યામ તારો લટકો, થયો છે મોહમને ચટકો. ટેક૦

જગતનો ડર બધો છોડયો, પતિનો પ્રેમ મે તોડયો;
તારાથી નેહમે જોડયો, હવે કોનો મને ખટકો. જોઇને
મને દરસન તારા થાવા, સામળીયા પ્રેમ રસપાવા.
મારે ઘેર આવને માવા, પછી ત્યાં જઈ ભલે ભટકો. જોઇને
સ્વપ્નમાં પ્રાણ પતિ મારા, થયા દરસન મને તારા.
ઘણો આનંદ થયો પ્યારા, કર્યોમે પ્રેમથી લટકો. જોઈને
જાગીને જોયુંમે જયારે, તનેમે દીઠોના ત્યારે.
પ્રેમાનંદ વાગ્યો તેવારે, મને વિયોગનો ઝટકો. જોઈને

૪૬ ઇતના તો કરના સ્વામી એ રાગે.

છોડી મને તુ વાલા. સાથી ગયો બીહારી.
આવીને નંદલાલા, લેને સંભાળ મારી. એ ટેક.
મારી દશા છે પડતી. તેથી મને રખડતી;
મેલી ગયો તું રડતી. હું થઇ છું દુખીયારી. છોડી મને
ઓ પ્રાણના આધારા. તારાજ માટે પ્યારા.
છોડયો પતીને મારા. તે જો જરા વીચારી. છોડી મને.
જાણી સ્વભાવ સીધો. તારો મેં સંગ કીધો.
સંસાર છોડી દીધો. ભોળી હું વ્રજનારી. છોડી મને.
તેથી દગો ના કરીએ. છોડી મનેના ફરીએ.
પ્રેમાનંદને આદરીએ, લેને હવે તુ તારી. છોડી મને.

૪૭ એજ રાગે ગાજો

આવોને મારા સ્વામી; વેલા હવે બીહારી,
કરજોડી સીસ નામી, કહી કહીને હું તો હારી. એ ટેક.

જે હોય વાંક મારો, તેને તમે વિસારો.
મારે મંદિર પધારો, હું દાસી છું તમારી. આવોને.
છબીલાજી છેલ આવો, રસીયાજી રાસ ગાવો!
બંસી મોહન બજાવો. લાગે છે સહુને પ્યારી. આવોને.
રાસ ફરી રમાડો. વ્રજનારીને નચાડો.
આનંદ હરી પમાડો. સઉ કે છે વ્રજનારી. આવોને.
ઝટ આવો સર્વાનંદ, હમને કરો આનંદ.
કરજોડે પ્રેમાનંદ, તન મનથી જાઉં વારી. આવોને.

૪૮ સતી સાવીત્રીના ગરબાનો રાગ.

સર્વે આવો હરિજન, સતગુરૂની સેવા કરોરે.
સતગુરૂ સ્વામી છે આ, ભવ જળ તારણુહાર.
એમને શરણે જઇને, સંસાર સાગરને તરોરે. એ ટેક
સાખી. રામ કૃષ્ણ જે હરી હતા. ત્રીલોકી મહારાજ.
તેમણે પણ સતગુરૂ કર્યા. ધર્મ ચલાવ્વા કાજ.
જેને દેહ ગુરૂ છે, આત્માનો નઈ ભાસ છેરે;
તેને ભોગવ્વા પડે છે, જમના ઘણા એ ત્રાસ. સર્વે
સાખી. કર્મ કરી અજ્ઞાનથી, જીવ થયા છે બંધ.
તે સહુ મટાડે સતગુરૂ. સુરજ ન સાડે અંધ.
પરદેશ તજી સ્વદેશે, જઈશું તરી સંસારનેરે.
નિત્યા નંદમાં રહીશું, સર્વે નરને નાર. સર્વે.
સાખી. સતગુરૂ છે આકાસ સમ. પણ બ્રહ્માંડ આધાર
સત સીદ આનંદ રૂપ છે, ઉપની ષદનો સાર;

પણ તે પરહીતકારી, આવે ધારી દેહનેરે.
આપડા તાપ મટાડે, વૈદ છે એવા તેહ. સર્વે
સાખી. અધ્યાતમ અધી ભુતને, અધી દૈવ જણાય;
તત્વ મસ્યાદિ દે દેવા. તયણે તાપ તે જાય;
આપણને જે નડે છે, ઘણા અનાદિ કાળનારે.
કહે છે પ્રેમાનંદ તે, કપાસે જગ જંજાળ. સર્વે

૪૯ એજ રાગે ગાજો.

આવો હરીજન ગઇએ, સંસારની રચના અહિંરે.
એને સમજે તેના, ભવના બંધ કપાય.
એવી વાત વેદાંતે શાસ્ત્રે સતગુરૂ એ કહિરે. એ ટેક.
સાખી. જેમ વ્યાપક આકાશ છે, નીરાકાર અપાર.
તેમ છે બ્રહ્મ પરમાતમા, પણ બ્રહ્માંડ આધાર;
એમાં માયા રહે છે. માયામાં વૈરાટ છે રે.
વૈરાટમા સઉ જીવ. કર્મ અવિદ્યા ઠાટ. આવો
સાખી. માયા બ્રહ્મમાં હોય છે, ગજમાં બળ હોય જેમ;
વૈરાટ માયામાં રહે. વૈરાટમાં સઉ તેમ.
માયાને બ્રહ્મ બે મળી, ને ઇશ્વર સાકાર છે રે.
જીવને માટે રચે છે, કર્મોથી સંસાર. આવો
સાખી. માયા અજ્ઞાન સૂક્ષ્મ. સ્થુલ રૂપે થાય,
તેથી બ્રહ્મના બ્રહ્માને, હરી હરનામ ગણાય.
એ સઉ મળીને સતચીદ; આનંદમય બ્રહ્માંડ છેરે;
એને નાસમ જે તે, જીવ છે જગમાં ભાંડ. આવો

સાખી. જેમ મહાજળમાં તરંગચે. રહેછેને લય થાય.
તમ આ બ્રહ્માંડબ્રહ્મમાં. ઉપજે રહે સમાય.
સેવે સતગુરૂજીને. સાધન સાથે હોય જેરે.
કહે છે પ્રેમાનંદ આ, સર્વે સમ જે તે. આવો

૫૦ એજ રાગે.

પ્રેમી જન આવો આ, વિવેક રસ છે. પીજીએરે.
મીઠો લાગે મનમાં, ભવવ્યાધી સઉ જાય.
હરખે હૈયાં હેતે, હરીના દરસન કીજીએરે. ટેક૦
સાખી. પંચ ભૂત સ્થુલના, તત્વ પચીસ ગણાય.
તેનો સ્થુલ આ દેહ થયો, આવે જાય જણાય.
જેનો થાય છે તેમાં. પાછો મળીએ જાયએ છેરે.
જીવને સ્થુલ દેહઆ, વારવાર બદલાય. પ્રેમી.
સાખી. ભુત છે સૂક્ષ્મ પંચજે, તેના તત્વ પચીસ.
સૂક્ષ્મ દેહ એનો થયો, અહંકાર એનો ઈસ.
કર્મ કરેને ભોગે, ચોરાસી ભટકાય છેરે.
ત્રીવીધ દુખથી દુખીયા, સર્વ જીવ જણાય. પ્રેમી.
સાખી. અસત અભાન જે તત્વ છે, અજ્ઞાનના બેભાગ.
તેને કારણ દેહ કહે, એનો કરવો ત્યાગ.
જીવને એત્રણ દેહમાં, હુંને મારૂં થાય છેરે.
તેથી ઉંચનીચ સઉ, જાતીમાં એ જાય. પ્રેમી.
સાખી. એથી ભીન બ્રહ્મ આતમા, વ્યાપક બ્રહ્માંડ માય.
તે અજ્ઞાનના ત્યાગથી, અંતરમાં દરસાય.

કેછે પ્રેમાનંદ આ ભવ જળ, પાર તરાય છેરે,
પછી અમર નગરમાં, આપડે ઘેર જવાય. પ્રેમી.

૫૧ એ રાગે

આતમ જ્ઞાનના ગરબે આવો રમીએ, તાળીએરે.
સર્વે બ્રહ્માંડના, ચોકે અજવાળાં થાય.
આપડા અંતકરણ દીપક અજવાળીને બાળીએરે. ટેક૦
સાખી. આતમ જ્ઞાનના બહીરંગ, સાધન છે જે અનેક.
તે યજ્ઞાદિ કર્મ સઉ, કરીએ નીસ્કામ છેક.
એથી અંતકરણ તે, દિપક ઉજળો થાય છેરે.
પછી બીજા સાધન, મળી આવે છે સાય. આ૦
સાખી. વિવેક વૈરાગ સંપતી, બ્રહ્મ જીજ્ઞાસા હોય.
યજ્ઞાદિથી અંતરંગ, સાધન કે સઉ કોય.
એથી સ્વગાદિની સર્વે વાસના જાય છેરે.
આપડા કર્મ બધાએ, ભવના બંધ કપાય. આ૦
સાખી. શ્રવણ મનનનિદિધ્યાસને, તત્વં પદનો વીચાર.
વિવેકાદિથી અંતરંગ, સાધન કરો તૈયાર.
એથી સઉ બહ્માંડના, કારણ કાર્ય જણાય છેરે.
જીવને ઇશ્વરનું એ; સ્વરૂપ તે સમજાય. આ૦
સાખી. તત્વ મસ્યાદિ વાકય છે, સહુ સાધનના ભૂપ,
ભાગ ત્યાગ કરી વાચ્યનો, લક્ષ લખાવે રૂપ.
એથી કહે પ્રેમાનંદ, બ્રહ્મ આત્મા દરસાય છેરે;
એછે પ્રાણ પતિ એના સઉ આનંદ થાય. આ૦

૫૨ એ રાગે.

આતમ ગરબે આજે; આવો હરિજન ખેલીએરે.
તત્વ પચીસનો આ, દેહ ગરબો દેખાય.
મિથ્યા માયાનો તે, મનથી ત્યાગી મેલીએરે. ટે૦
સાખી. લક્ષ ચોરાસી ચોકતે, ઘણો મોટો છે ફેર.
થાકયા ફરી ફરી આપડે, લાગ્યો કડવો ઝેર.
નાનો સતસંગ ચોક, સારો એમા સાર છેરે.
સ્વર્ગાદિના સુખને, મોક્ષ તણો ભંડ.ાર આ૦
સાખી. સ્થુલ દેહઆ કારમો, ગરબો છબીલો છેલ.
સૂક્ષ્મ દેહ મહી દિવલો, કર્મ ભર્યું છે તેલ.
બુદ્ધી રંગ રંગીલી, દીવટ તે તૈયાર છેરે.
એમા કારણ દેહ, અંધારૂ છે અપાર. આ૦
સાખી. સતગુરૂ શબ્દથી આતમા, જોત થશે પ્રકાશ.
કારણદેહ અજ્ઞાન તે, જશે અંધારૂ નાશ.
ભાસે બ્રહ્મ ભલો આ, ગરબાનો રચનાર છેરે.
ગરબે રમેના તેનો, ધિકકાર છે અવતાર. આ૦
સાખી. પ્રેમ પતાસાં લાંણીઓ, આનંદ થાય તે થાળ.
વેંચે સતગુરૂ સંતજન, એછે દીન દયાળ.
લઇએ કે પ્રેમાનંદ, જઇએ ઘેરભવ પારમાંરે.
આપડે પાછા અહિં ના, આવીએ વારંવાર. આ૦

૫૩ એજ રાગે.

સૈયર માનવ જન્મ આવ્યો છે. રળીઆમણોરે.

એ છે આસો માસ; અજવાળી છે રાત.
ગરબે રમીએ તો આ; અવસર સોભે આપણોરે. એ ટેક.

સાખી. દેહ ગરબો સારો રચ્યો. સોભાનો નહિ પાર.
બ્રહ્માત્મા મૈ જોત છે, એ છે સરજનહાર.
સઉમા બાહીર ભીતર, જેનો આ પ્રકાશ છેરે.
તે આ સર્વ વિશ્વમાં; વ્યાપ્યો અવિનાસ. સૈયર.

સાખી. ગરબે રમવા આવે છે. વારે વારે ત્રણ નાર;
જાગ્રત સ્વપ્ન સુષુ પતી, એમનો પતી અહંકાર;
તેના સ્થુલ સૂક્ષ્મ કારણ, દીકરા જણાય છે રે,
એમના વિશ્વ તે જસ, પ્રાગ્ય નામ ભણાય. સૈયર

સાખી. એ સર્વના સાથમાં. આપડો છે ભરથાર.
તેને ખોળી કાઢીએ; તે છે પ્રાણ આધાર.
આપડો પતિ વ્રતાનો; ઉત્તમ આ અવતાર છેરે;
ચાલો પતિને મળીએ. સહુ થાઓ તૈયાર. સૈયર

સાખી. નહિ તો આ પરદેશમાં, રહે છે ચોર ઘણાય;
તે આપણને લુટશે, વન વગડાની માંય;
આપડા સતગુરૂ વિના, બીજા કોની સહાય છેરે;
કે છે પ્રેમાનંદ આ, સહુ સ્વારથના થાય. સૈયર

૫૪ વૈરાટ સ્વરૂપ ભગવાનની આરતી.

જય પુરુષોત્તમ; જય સર્વોત્તમ; જય જય વિશ્વેશ્વર,
હરિ જય જય વિશ્વેશ્વર.

જય પરમેશ્વર; જય સર્વેશ્વર; જય જય પ્રાણેશ્વર.
જય જય વૈરાટ દેવ.
તમે બદ્રીનાથ તમે જગન્નાથ; તમે દ્વારકાં વાશી,
હાર તમે દ્વારકાં વાશી.
તમે પરમેશ્વર તમે શરણેશ્વર. વિશ્વનાથ કાશી. જય જય.
તમે બ્રહ્મા છો, તમે વિષ્ણુ છો; તમે જ છો શંકર;
હરિ તમેજ છો શંકર.
તમે ગણેશ છો; તમે દીને છો. તમે છો વિશ્વંભર. જય જય
તમે રામ થઇ; રાવણ માર્યો; દેવ દુઃખ નીવાર્યાં.
હરિ દેવ નીવાર્યાં.
તમે કૃષ્ણ થઇ; કંસ સંહાર્યો; ભકતોને ભવ તાર્યા. જય.
જે જન જેવા; કર્મ કરે તેને; તે ફળ આપો છે.
હરિ ત ફળ આપો છો.
સાચા જનના; ભવ બંધન તે, ગુરૂ થઈ કાપો છો.
જે નરનારિ; ભાવે તમારો; આરતી નીત્ય ગાસે;
હરિ આરતી નીત્ય ગાશે.
કહે કરજોડી પ્રેમાનંદ તે ભવજળ તરી જાય, જય જય.

૫૫ વૈરાટ સ્વરૂપ ભગવતીની આરતી.

જય જગ માતા, તમે વિધાતા. તમે સરસ્વતી માયા,
દેવી તમે સરસ્વતી માયા.
શરણે તમારે દેવતા, બ્રહ્માદીએ ધાયા, જય વૈરાટ દેવી.
તમે જગ કરતા, તમે જગ ભરતા, જગને સંહારો છો.
દેવી જગને સંહારો છો.

રૂપ અનેક ધરોછો જગમાં, ભકતોને તારોછો. જય વૈરા.
તમે બ્રહ્માણી, તમે રૂદ્રાણી. તમે અંબે માતા,
દેવી તમે અંબે માતા;
શેવકના શરણુંગત છો તમે, વિદ્યાધન દાતા, જય વૈરા.
તમે મહાકાળી, દૈત્ય સંહાર્યા ખપર ભર્યા રાતા.
દેવી ખપર ભર્યા રાતા.
તમે લક્ષ્મિસુખ, સંપત દોછો. ભકતોને મન ભાતા. જય.
વેદ વખાણે; મહિમા તમારી, જ્ઞાનિ ધ્યાની ગાતા;
દેવી જ્ઞાનિ ધ્યાનિ ગાતા.
બ્રહ્માદી કોઈએ તમારો; પાર નથી પાતા. જય વૈરા.
જેનર નારિ; ભાવે તમારી; આરતી નીત્ય ગાસે;
દેવી આરતી નીત્ય ગાસે.
કહે કરજોડી પ્રેમાનંદતે; ભવજળ તરી જાશે. જય વૈરા.



"ઉત્કૃષ્ટ મુદ્રણાલય"
મુદ્રકઃ—પુરૂષોત્તમદાસ શંકરદાસ
ફર્નાન્ડિઝ બ્રિજ. રીચીરોડ
અમદાવાદ



હરે રામ હરે રામ રામ રામ હરે હરે. ॥

હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે. ॥ ૧ ॥